અંજુમને ઈસ્લામ મહુધાનો

સને ૧૩૨૭-૨૮ હિજરી મુતાબિક ઇ. સ. ૧૯૦૯-૧૦નો રિપોર્ટ.

સાહેબો

ખુદા પાકનો હજાર હજાર શુક્ર ગુજારી તથા રસુલે મકબૂલ સલ્લલ્લા હો અલે હે વસલ્લમ ઉપર દરૂદ અને સલામ કહી અંજુમનનો સંક્ષેપ અહેવાલ આપ સાહેબો સમક્ષ રજુ કરીએ છીએ. આશા છે કે આ હમારા પહેલા પ્રયાસમાં થએલી ભૂલોની ક્ષમા આપી ઘટીત સુચનાઓ કરવાની મહેર બાની કરશો.

આપ સાહેબોને રોશન છે કે આજથી થોડા સૈકા ઉપર મુસલમાન કોમ બીજી કોમો ઉપર સરસાઇ ભોગવવાને ભાગ્યશાળી થઇ હતી. દુનીયામાં જે કોમે વીદ્યા, હુન્નરમાં વૃધ્ધિ કરી ઘણા દેશોને ફાયદો કર્યો છે, તે કોમને આજે વીદ્યા હુન્નરના અભાવના કારણે 'એકવડં' (પાછળ પડેલી) ની ઉપમાં આપવામાં આવે છે તે જોઇ આપણને ખેદ થાય તે સ્વભાવિક છે. અને સાધારણ રીતે પોતપોતાની સ્થિતિમાં સુધારો કરવાને માણસ માત્રનું લક્ષ ખેંચાય છે. આજે દુની-

આમાં દરેક કોમે પોતાની ઉન્નતિ ખાતર અંજુમનાદિ સંસ્થાએ સ્થાપન કરેલી છે અને એવી સંસ્થાઓના પ્રતાપે અહોળે સુધારો થએલો જોવામાં આવે છે. એ આધારે પ્રથમ મહુધા કસ્બાના મુસલમાનભાઇઓનું કામ હાથપર લેવાનું કેટલાક સાહેબોએ મન ઉપર લીધું.

અંજુમનની સ્થાપના:—ઘણાખરા સાહેબોના જાણમાં છે કે પ્રથમ ભરૂચમાં જનાબ પડાણુ દીલબાઝખાં શમશેરખાં સાહેબની કોશીશથી 'બઝમે કાદરીયા' નામની એક સંસ્થા મહુધાવાસી ભાઇઓની ચાલતી હતી. તેવીજ રીતે સુરતમાં જનાબ મુનશી દાદામીયાં નાથુમીયાં સિદ્દીકી સાહેબના પ્રયાસથી 'અંજુમન ઇસ્લામ' નામની સંસ્થા સ્થાપીત થઇ હતી. આ બને સંસ્થાઓ ભાઇચારો વધારવા તથા બીજા જરૂરી કામો કરવા યથાશકતિ પ્રયાસ કરતી હતી. આ બંને સાહેબોએ એવો વીચાર કર્યો કે જે કસ્બા માટે આ પ્રયાસ કરવામાં આવે છે ત્યાંજ તેનું મૂળ નાંખવું જોઇએ તેથી તારીખ તા૦ ૩-૧-૧૯૦૯ને રોજ મહુધામાં એક આમ મજલિસ બોલાવવામાં આવી હતી તે પ્રસંગે ઘણું વિવેચન થયા બાદ નીચે પ્રમાણેના મુખ્ય ઠરાવો કરવામાં આવ્યા હતા.

(૧) સુરત અને ભરૂચમાં મહુધાના મુસલમાનભાઇઓની જે સંસ્થાઓ ચાલુ છે તે બનેને એકઠી કરી તેનું મુખ્ય સ્થળ મહુધા રાખી તેનું નામ "અંજુમને ઇસ્લામ મહુધા" રાખવું.

(૨) અંજુમનના હેતુ નીચે મુજબ રાખવા.

૧ મહુધાના મુસલમાનોમાં દીની અને દુન્યવી

કેળવણીનો વધારો કરવો.

૨ અંજુમનની શકતિ મુજબ ઉપલો હેતુ પાર પાડવા સ્કોલરશીપો તથા જોઇતા જરૂરી સાધનો પુરા પાડવા.

૩ મહુધાની અવકાફ મિલ્કતો જેવી કે મસજીદો, ઇદગાહ. કબરસ્તાનો વગેરે તથા તેના તાબાંની મિલ્કતોની સંભાળ રાખવી.

૪ ગરીબ વિધવાઓ તથા યતીમોને મદદ આપવી.

૫ અગત્યની બાબતો ઉપર સત્તાધિકારી સાહેબોનું માનપૂર્વક નમ્ર ભાષામાં ધ્યાન ખેંચવું તથા સરકાર પ્રત્યે વફાદાર રહી તેના કામમાં મદદ કરવી.

૬ મુસલમાનોમાં સંપ અને બીજી કોમો સાથે ભાઇચારો વધારવો.

૭ ખેતી, વેપાર, હુન્નર કે જેથી મુસલમાનોને ફાયદો પહોંચે તે તરફ ધ્યાન આપવું.

જ્યારે ઇદુદ દુહાના પવિત્ર તહેવાર ઉપર તા૦ ૩-૧-૧૯૦૯ ને રોજ અંજુમન સ્થાપવામાં આવી ત્યારે ભરૂચ, વડોદરા અને સુરતમાં નોકરી અર્થે રહેતા મહુધાવાસીભાઇઓની ખાહેશથી ઉપલા સ્થળોમાં અંજુમનની શાખાઓ ખોલવામાં આવેલી તે દરેક શાખાનો ટુંક અહેવાલ રજુ કરવાની રજા લઇએ છીએ.

વડોદરા શાખા--આ શાખા સ્થાપન થયા બાદ સુરતની

જનાબ મુન્શી દાદામિંયા સાહેબનું વડોદરે જવાનું થયું તે પ્રસંગે તેમણે હાજર રહેલા મહુધાવાસી ભાઇઓને ઘણા અસરકારક શબ્દોમાં અંજુમનથી થતા ફાયદા તથા તેની અગત્યતા વિષે માહીતી આપી પછી મહુધાવાસી વડોદરા રાજયના ન્યાયાધિશ રા૦ રા૦ સારાભાઇ વહાલાભાઇ પાસે જઇ અંજુમનના મુરબ્બી થવા વિનતિ કરી જે માંગણી એવો સાહેબે ઘણી ખુશી સાથે સ્વિકારી અંજુમનને આભારી કરી, ત્યાર બાદ એક બીજી મીટીંગ તેઓ સાહેબના પ્રમુખપણા નિચે વડોદરા ખાતે મળી હતી જેનો વિગતવાર અહેવાલ નિચે મુજબ છે;-

(ખેડા ટાઈમ્સ,) તા૦ ૨૮-૪-૦૯ ઉપરથી.

વડોદરા ખાતે ગયા મોસમાં જનાબ સૈયદ અબ્દુલ કાદર બગદાદી સાહેબના મકાન ઉપર મહુધા અંજુમન ઇસ્લામની વડોદરા શાખાની એક સભા વડોદરા પ્રાંતના ન્યાયાધિસ રા૦ બા૦ સારાભાઇ સાહેબના મુરબ્બીપણા નીચે મળી હતી તે પ્રસંગે મુન્શી દાદામીયાંએ હીંદમાં વસ્તી હીંદુ મુસલમાન બે કોમોના સંબંધમાં જણાવ્યું કે અમુક સમય સુધી કેટલાક કારણો સર બંનેનાં મન ઉંચા રહ્યાં બાદ બંને કોમો સમજવા લાગી કે દરીયા કાંઠે પાસે પાસે આવેલા મકાનો પૈકી એક બરબાદ થયા બાદ બીજું બરબાદ થયા વગર રહેતું નથી. માટે પાડોસમાં આવેલું મકાન સાચવવામાંજ આપણું હીત છે. તેનો પ્રત્યક્ષ પુરાવો રા. બા. સારાભાઇએ રજુ કરયો છે બને કોમોના આવા ભાઇચારાથી હીંદનો ઉદય જલદી થવાની આશા રાખવાને દરેક કારણ મળી આવે છે. વગેરે જણાવી

અંજુમનનું મુરબ્બીપદ સ્વિકારવા અને હરે પછી પણ પુરતો આશ્રય આપવાની જે જાહેરખાતી રા. બા. સારાભાઇએ દર્શાવી છે તેને માટે હું અંતઃકરણથી આભાર માનું છું. અને આજના કાર્ય માટે જનાબ સૈયદ અબ્દુલ કાદર બગદાદી સાહેબે પોતાનું મકાન વાપરવા આપ્યું તે બાબેદ આભારની લાગણી દર્શાવું છું. બાદ મુન્શી વજીયોદીન સાહેબે મહુધા કસ્બાના મુસલમાન ભાઇઓ કેળવણીમાં પાછળ છે તેમને માટે થતો પ્રયાસ સ્તુતિપાત્ર જણાવી આ કામ હિંમતથી આગળ વધારવાની સલાહ આપી અંજુમનના મેમ્બર થયા હતા. બાદ જનાબ સૈયદ અબદુલ કાદર બગદાદી, સાહેબે જણાવ્યું કે અંજુમનોથી ઘણા ફાયદા થયા છે ભાઇચારો વધ્યો છે. તેનો પ્રત્યક્ષ પુરાવો અત્રેની જામે મસજીદ છે. હું આ અંજુમન સાથે ઘણી ખુશીથી સામેલ થવાની ઇચ્છા રાખું છું. મને આજે આવા સુભ કાર્ય માટે મારૂં મકાન વપરાએલું જોઇ ઘણો આનંદ થયો છે. બાદ રા૦ બા૦ સારાભાઇ સાહેબે હર્ષનાદ વચ્ચે ઉભા થઇ જણાવ્યું કે આવી મોટી સંખ્યામાં આપ સાહેબોને ભેગા થએલા જોઇ મારા આનંદની સીમા રહેતી નથી. અંજુમન જેવી સંસ્થાઓથી જાપાનની ઉન્નતી થઇ છે અને અમેરીકા જેવા દેશની પંક્તિમાં ગણાવા લાગ્યું છે. એવીજ અંજુમનોના પ્રતાપે તુર્કસ્તાનના લોકો નામદાર સુલતાન પાસેથી પાર્લામેંટનો હક પ્રાપ્ત કરી શકયા છે. અને નામદાર સુલતાને આવી અંજુમનોને વધાવી લીધી છે. અને રાજ્યને સ્વતંત્ર સમાન ગણવાની દુર અંદેસી બતાવી છે. ઇરા

નમાં પણ તેવા હક્કો મેળવવા પ્રયાસ જારી છે. આપણે ઇચ્છીશું કે નામદાર શાહ નામ દાર સુલતાનનું અનુકરણ કરવાને વખત લગાડશે નહીં. અફગાનીસ્તાનનું રાજ્ય દિનપ્રતિદીન વિદ્યાકળામાં ત્યાંના રાજ્યકર્તાના પ્રયાસથી આગળ વધતું જાય છે.

આપણે પણ લાંબી ઉંઘ લીધા પછી જાગૃતીમાં આવ્યા છીએ એ ખુશ થવા જેવું છે. પણ ધર્મને બહાને થતા ટંટા ફિસાદથી ધર્મની કે દેશની ઉન્નતિ થતી નથી એ યાદ રાખવા જેવું છે. દુન્યામાં આગળ વધવામાં પહેલું પગથીયું વિદ્યા છે તે પ્રાપ્ત કરવામાં દ્રવ્યનો ઉપયોગ કરવો જોઇએ અને લગનાદિ પ્રસંગે ખેલ તમાશામાં વપરાતા નાણા બચાવી વિદ્યા વૃદ્ધિમાં વાપરવા જોઇએ. બીજું પગથીયું ધર્મ છે. ધર્મ શિક્ષણ વગર માણસ નીતિવાન થઇ શકતા નથી. પરંતુ ધર્મગુરૂઓ નીતિવાન ઉંચા સ્વભાવ અને દુરઅંદેશ પસંદ કરવાની આપણે કાળજી રાખવી જોઇએ. પેગમ્બર સાહેબે તેમજ કરવા ફરમાવેલું છે અને સત્ય અને સીધે રસ્તે ચાલવા જનાબ અબુબકર સિદ્દીક ર દીઅલ્લાઅન હો એતો સોનાના અક્ષરે લખી રાખવા જેવી નસીહત ફરમાવી છે "જો હું સત્ય અને સીધે રસ્તે ના ચાલું તો મને ગાદી ઉપરથી ઉઠાડી મુકશો." ત્રીજી બાબત આરોગ્યતા અને શરીર શકિત પ્રાપ્ત કરવાની અંજુમનને પ્રયાસ કરાવાની મારી મજબુત ભલામણ છે. બાળ લગ્ન ખરાબ વ્યસન અને અસ્વચ્છતા શરીર શકિતને હાની કરતા છે તે દુર કરવા પ્રયાસ થવો જોઇએ. મારે માટે જે કહેવામાં

આવ્યું છે તેની જરૂર નહોતી કારણકે પોતાના ભાઇઓના ભલા ખાતર પ્રયાસ કરવો એ માણુસ માત્રની ફરજ છે. આ દ મુનસી દાદામીયાંએ ઉપકાર માન્યા બાદ મેલાવડો વિસરજન થયો હતો.

આ શાખાના કારોબારી સાહેબોનો તથા મેંમ્બર સાહેબો નો આભાર માની સદરહુ શાખાને ઉમંગથી ચાલુ રાખવાની તથા સતત પ્રયાસ કરવાની ભલામણ કરીએ છીએ અને આ શા રાખીએ છીએ કે મહુધા વાસીભાઇઓ પોતાના કસ્બાની ભવિષ્યની ઉન્નતિ માટે હમેશા ખંતથી મદદ કરતા રહી એ સંસ્થાને સારા પાયા ઉપર લાવવાની કોશીશ કરશે.

ભરૂચ શાખા—શરૂઆતમાં આ શાખાએ ઘણા ઉમંગ થી કામ કર્યું અને લગભગ રૂ૦ ૫૫ જેટલી રકમ જમા કરી જેનીજા નિમાઝો ખરીદવામાં ખરચ કરવામાં આવી છે. આ શા ખામાં ઘણા ઉંમગી અને ખંતીલા મેંમ્બર સાહેબો છે અને જો એ સાહેબો અંજુમનને મદદ કરવાનું મન ઉપર લે તો ઘણો ફાયદો થાય, એજ શાખા પ્રથમ સ્થાપન થઇ હતી અને તેનાજ પગલે આ અંજુમન સ્થાપન થઇ, માટે અંજુમનની ઘણી જોખમદારી એ શાખા ઉપર રહેલી છે. તેથી હમો વિનય પૂર્વક અરજ કરીએ છીએ કે આ અંજુમનને નિભાવવાનું માન એ શાખાએ બજાવવું જોઇએ. હમો બધા સાહેબોને વિ નતિ કરીએ છીએ કે તેમણે મહુધા ખાતે અંજુમનની ફી મદદ વીગેરે આપવાની ગોઠવણુ પસંદ કરવી અથવા બીજો

કે.હ ધ્રટનો બંદોબસ્ત કરવાની મહેરબાની કરવી.

સુરત શાખા–સદરહુ શાખામાં પ્રસંગોપાત દશ કરતાં વધુ મિંટીગો બોલાવવામાં આવી હતી જેનો ખુલાસાવાર અહેવાલ પેપરોમાં આપ સાહેબોનાં વાંચવામાં આવ્યો હશે. ઉપલી મીટીંગો પૈકી પાંચ છ મીટીંગો ખાસ બોલાવવામાં આવી હતી. એક આપણા નામદાર શેહેનશાહ એડવર્ડ સાતમાના જન્મ દિવસના શુભ પ્રસંગે મે–નવાબજાદા નશરૂલાખાં બેરીસ્ટર એટ લોના પ્રમુખપણા નિચે બોલાવવામાં આવી હતી અને તે પ્રસંગે નામદાર ગવર્નમેંન્ટ તરફથી જવાબ અંગ્રેજીમાં મળ્યો હતો. જેનો તરજુમો નિચે મુજબ છેઃ—

મુંબઇ, તા૦–૬–જુલાઇ ૧૯૦૯

અંજુમને ઇસ્લામ મહુધા શાખા સુરતના પ્રેસીડેન્ટ જોગ.

સાહેબ,

તમારા તા૦ ૨૫ જુન ૧૯૦૯ના તારની પહોંચ સ્વિકારવાની મને ફરમાશ થઇ છે. અને તેના જવાબમાં જણાવવાનું કે નામદાર શહેનશાહના જન્મ દિવસના શુભ પ્રસંગે જે મુબારકબાદી અંજુમનના મેંમ્બરોએ આપી તે નામદાર સરકાર કબુલ કરે છે એમ તેમને જણાવશો. અને તેમને ખબર આપશો કે તમારા તારની એક નકલ યોગ્ય સ્થળે પહોંચાડવામાં આવશે.

(સહી) જે. ટી. સ્કોટસન.

એકટીંગ અંડર સેક્રેટરી નિસ્બત સરકાર.

બીજી મીટીંગ—ખેડા જીલ્લામાં જાણીતા અને લોક પ્રિય સુરતવાસી ખાo બાo બમનજી એદલજી મોદીજી પેન્સનર ડેપ્યુટી કલેકટર સાહેબને આમંત્રણ કરી મે. નારણભાઇ લલ્લુભાઇ દેસાઇ સાહેબના પ્રમુખપણા નીચે મળી હતી તે વખતે મે. મોદીજી સાહેબે ઘણા કીમતી વીચારો જણાવ્યા હતા જેનો સાર નીચે મુજબ છે.

"ખેડા ટાઇમ્સ," તાo ૨૮-૪-૧૯૦૯ ઉપરથી

મહુધાના મુસલમાનોની હાલત સુધારવાને આ અંજુમન ઉમદા હેતુઓ ધરાવે છે. મહુધા ખેડા જીલ્લામાં મુસલમાનોની એક મોટી વસ્તિ ધરાવતો પહેલા વર્ગનો કસ્બો ગણી શકાય. ત્યાંના મુસલમાનો પૈકીનો ઘણો મોટો ભાગ બહાર ગામ નોકરી અર્થે નીકળી ગયલો છે અને ત્યાંના મારા અનુભવ ઉપરથી મને માલુમ પડેલું કે ઘણાખરા પોલીસમાં ફોજદાર સુધીની પાયરીએ ચઢેલા પણ હાલમાં તેમની સંખ્યા ઘણીજ જુજ થઇ ગઇ છે; બલ્કે નહી જેવીજ છે. આ ઉપરથી આપણે દીલગીર થવા જેવું નથી કારણ આ અંજુમન જેવી સંસ્થા ત્યાં ઉઘાડવાથી અને તેની શુભ કોશીષથી એથી પણ વધારે લાયક જવાનો ત્યાંથી નીકળવાની આપણે આશા રાખી શકીએ છીએ. આ અંજુમનના સદભાગ્યે રાo રાo નારાયણભાઇએ તેનું મુરબ્બીપદ સ્વિકાર્યું છે અને જ્યારે તેઓ પોતાના વતનના મુસલમાન ભાઇઓને મદદ કરવા બહાર પડયા છે તો મને પુરેપુરી આશા છે કે આ અંજુમન થોડાજ વખતમાં સારા પાયા ઉપર આવી

લાગશે. આપણે એકબીજાને ભાઇની માફક આપણી ફરજ સમજી મદદ કરવાની છે, એકબીજા માટે સારૂં બોલવાથી નહી પણ કરી બતાવવાથીજ ભાઇચારો અને સારી લાગણી ઉત્પન્ન થાય છે. અવકાફ મિલ્કતોની સંભાળ રાખવા માટે અંજુમનનો હેતું છે તે પણ ખરેખર પ્રસંશાપાત્ર છે. મારા જોવામાં અને જાણુવામાં એવા ઘણા દાખલાઓ આવેલા કે જે ફકીરોને આવી મિલ્કતોની સંભાળ રાખવા માટે રાખેલા તેમણે કેટલીક જાગીરો પોતાના પેટને ખાતર સહેજ સહેજમાં ગુમાવી દીધી છે. સરકાર સલામી ભરવાની વખતે રોકડ પૈસાની તંગીને લીધે તેઓ જુજ કિમતે ગીરો મુકી દે છે અને કોઇ કોઇ વખતે વેચાણુ પણ કરી દે છે કે જે મુસલમાની કાયદા મુજબ કોઇપણુ વખતે વેચાણ થઇ શકેજ નહી. કેટલાકોએ તો સમરી સેટલમેન્ટ વખતે એવી જાગીરો પોતાની માલકીની છે એવી રીતે લખાવી પાછળથી પોતે માલિક થઇ પડયા. આવી રીતે જમીન વકફમાંથી જતી રહી અને પાછળથી ઉપર બતાવેલા સબબોને લીધે બીજાઓના હાથમાં ગઇ.

આ અંજુમનની કુલ ઉપજમાંથી જે ટકા વાર ખરચ કરવાની રીત રાખી છે તે પણુ ઘણી પ્રસંશા પાત્ર છે. તેમાં દીનદારી ફેલાવવા માટે ૧૦ ટકા રાખેલા છે તે જાણી હું ઘણો ખુશ થયો છું, કારણુ ધર્મ ઉપર આપણી ઉન્નતિનો આધાર રહેલો છે. સેંકડે ૨૫ ટકા સિલિક રાખવાનું પણુ હોવાથી અંજુમનને કોઇપણુ વખતે તંગીમાં આવી પડવાની દહેશત

રહેશે નહીં. આ બધી બાબતો ઘણી વખાણવા લાયક છે પ રંતુ દીલગીર છું કે ફી ઘણીજ જુજ રાખી છે એટલે વાર્ષિક ફ્કત રૂા૦ ૧ રાખ્યો છે. આજ સુધીમાં અનજુમને ત્રણ સો રૂપિઆની સીલીક જમા કરી છે તે હિસાબે રૂા૦ ૭૨ની સ્કોલરસીપ આપવા હાલમાં તે શકતીવાન ગણાય. હવે આ રકમ સ્કોલરશીપ આપવા ઘણી જુજ ગણાય. અને તેમાંથી કેટલી સ્કોલરસીપો આપી શકાય? માટે હું તો મારા બીજા દોસ્તોને પણ એહનેમાસ કરૂં છું કે તેમણે પોતાના ગજવામાં હાથ ઘાલી આ અન્જુમનને યથાશકિત મદદ કરવી. અને તેમ કરવા પોતાના દોસ્તોને સુચવવું. હુ પણ રા૦ રા૦ નારાયણભાઇને પગલે ચાલી ખુશીથી તેમ કરવા તૈયાર થાઉં છું. છેવટે આ અંજુમનના કારોબારીઓને અરજ કરવાની કે તેમણે સારી રકમ કેવી રીતે જમા કરવી ત્યાર બાદ કેવી રીતે કામ લેવું અને એક હાથમાં લીધેલા કામમાં કેવી રીતે મંડયા રહેવું, સ્કોલરસીપ વગેરે મદદ આપતી વખતે કોને કેટલી અને કેવી રીતે મદદ કરવી વગેરે બાબતો ઉપર લક્ષ રાખવું જોઇએ. અને તેઓનું ધ્યાન કેળવણી લઇ નોકરી તરફ નહીં પણ વેપાર હુન્નર તરફ દોરવવાની કોશિશ કરવી.

ત્રીજી મીટીંગ. સુરતના જાણીતા અને લોકપ્રીય મુસલમાન કોમના આગેવાન મુંબઇની ધારાસભાના ઓનરેબલ જનાબ સયાદતપનાહ સૈયદ ઝેન એલ. એદરૂસ સાહેબના અકાળ

મૃત્યુની દિલગીરી જાહેર કરવા તથા તેમના સાહેબજાદા ઉ પર દિલાસાપત્ર મોકલવા મે. સરદાર મીર મુઝફ્ફર હુસેનખાં સાહેબના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી અને તે વખતે મરહુમની યાદગીરી જાળવી રાખવા માટે પ્રમુખ તરફથી મુસલમાન ભાઇઓને ભલામણ કરવામાં આવી હતી.

ચોથી મીટીંગ. મોતીના શાહ આરબ વેપારી જનાબ શેખ અબદુલ અઝીઝ બીન અલીઇબ્રાહીમ સાહેબના મૃત્યુની દિલગીરી અઝીઝ જાહેર કરવા તથા તેમના પુત્ર જનાબ શેખ અબદુરરહેમાનને દિલાસા પત્ર મોકલવા નવાબ મીર અબદુલ રસુલખાં બેલાવાલાના પ્રમુખપણા નીચે મળી હતી અને તે વખતે મરહુમને માટે કેટલુંક વીવેચન થયા બાદ દિલાસા પત્ર તેમના પુત્ર ઉપર મોકલવામાં આવ્યો હતો.

પાંચમી તથા છઠ્ઠી મીટીંગઃ-જુનાગઢ રાજ્યના હાલના નાયબ દીવાન જનાબ અબદુલ્લામીયાં ઉસમાનમીયાં કુરેશી સાહેબ માટે જ્યારે તેઓ પ્રથમ રાધનપુર સ્ટેટના એડમીનીસટ્રેટર નીમાયા ત્યારે તથા જુનાગઢમાં નાયબ દિવાન નીમાયા ત્યારે મળી તેમના માનમાં બે મીટીંગો સરદાર મીર મુઝફ્ફરહુસેન ખાંન સાહેબના પ્રમુખપણા નીચે બોલાવી તેમને મુબારકબાદી મોકલવામાં આવી હતી. અને તે વખતે નામદાર સરકારનો તથા નામદાર નવાબ સાહેબનો તેમની કરેલી પસંદગી માટે આભાર માનવામાં આવ્યો હતો.

સદરહુ શાખાના કારોબારીઓએ બનતો પ્રયાસ કરી અનજુમનની યથાશક્તિ સેવા બજાવી છે તે નીચેની બીનાથી આપને વીદિ

ત થશે. પ્રથમ જણાવેલા સાહેબોએ અન્જુમનનું મુરબ્બી પદ સ્વિકારવાની જે મહેરબાની બતાવી છે તે આ શાખાના પ્રયાસથી છે અને તે માટે અમો એ બધા સાહેબોનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

હિસાબ ઉપરથી આપ સાહેબોના જાણવામાં આવશે કે આ શાખામાં ખરચ વધારે થયો છે તેનું મુખ્ય કારણ એ છે જે અનજુમનને લગતા નિયમો વગેરે ઘણું ખરૂં કામ છપાવી ત્યાંથી પુરૂં પાડવામાં આવ્યું છે તેમ ત્યાં મીટીંગો પણ વધારે ભરવાની જરૂર પડી હતી.

મહુધા:—અત્રે અનજુમન કાયમ થયા બાદ કેટલીક મીટીંગો ભરવામાં આવી હતી અને તેમાં કેટલાક કામોના નિરાકરણ કરવામાં આવ્યાં હતાં. ખાસ કરી જુમા મસ્જીદના હોજના કામમાં મદદ કરવા તથા મરહુમ શહેનશાહ એડવર્ડ સાતમાના અકાળ મૃત્યુની દિલગીરી જાહેર કરી તાર કરવા તથા આ કસ્બામાં દીની તઆલીમનો પાયો નાંખનાર અને અરબી મદ્રેસો સ્થાપવામાં પહેલ કરનાર શેઠ હાજી અહમદ હાજી ઇસ્માઇલ તુરાવા સાહેબના મૃત્યુ માટે દિલગીરી જાહેર કરી દિલાસા પત્ર મોકલવા માટેની મીંટીગો બોલાવવામાં આવી હતી.

વાર્ષીક મીટીંગ. ઇદુદ્દોહાના દિવસે બોલાવવામાં આવી હતી તે વખતે ગઇ સાલનો હિસાબ મંજુર કરી ચાલુ સાલ માટે નવા કારોબારીઓની નિમણુંક થયા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યા હતાઃ—

૧. મહુધાની અંગ્રેજી સ્કુલમાં ભણનાર મુસલમાન વિદ્યા

ર્થીઓ માટે માસિક રૂા૦ ૧, ૧॥ અને ૨ ની મળી ત્રણ સ્કૉલરશીપ રાખવામાં આપી હતી.

૨. નડીઆદ હાઇસ્કુલમાં જનાર વીદ્યાર્થી માટે રૂા. ૫ નીં એક સ્કૉલરશીપ રાખવામાં આવી હતી.

૩. વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીને ફી વગેરેની મદદ આપવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

૪. અત્રેની પ્રાયમરી સ્કુલના છઠા અને સાતમા ધોરણમાં અભ્યાસ કરતા મુસલમાન વિદ્યાર્થી માટે વારશીક રૂા. ૧ તથા ૧॥ મળી બે સ્કૉલરશીપો રાખવામાં આવી હતી.

૫. અત્રેની મ્યુ૦ ઉરદુ સ્કુલમાં કુરાને શરીફનું શિક્ષણ મ્યુનીસીપાલીટી તરફથી આપવાની ભલામણ બાબતનો પત્ર લખવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

આ અંજુમન મહુધાના મુસલમાનોમાં અંગ્રેજી કેળવણીનો ફેલાવો કરવા ઘણીજ ખાહેશ રાખે છે તેથી મહુધાની કોઇ પણ સ્કુલમાંથી મુસલમાન વિદ્યાર્થીને મીડલ સ્કુલ સ્કૉલરશીપ જે માસ્તર પસાર કરાવશે તેમને ખાતાની મંજુરી લઇ દરેક છોકરા દીઠ રૂા૦ ૧૨નું ઇનામ કે પાઘડી આપવામાં આવશે. અને તેવીજ રીતે પ્રાથમિક કેળવણીનો પણ વધારો કરવા અંજુમન ખાહેશ રાખે છે.

અને તે હેતુ પાર પાડવાને અનજુમને સ્કૉલરશીપો રાખી છે તે ઉપરાંત જે માસ્તર વર્નાક્યુલર ફાઇનલમાં મહુધાના મુસલમાન વિદ્યાર્થીને પાસ કરાવશે તેમને પણ રૂા૦ ૫ નું ઇનામ કે પાઘડી ખાતાની મંજુરીથી આપવામાં આવશે.

એહ્તેમાસ.

સદરહુ કસ્બાની મૂળ સ્થિતી તરફ નજર કરતાં માલૂમ પડે છે કે અગાઉ અહીંના મુસલમાન ભાઇઓની સ્થિતી દરેક બાબતમાં ઘણીજ સારી હતી અને વસ્તિ પણ ઘણી મોટી હતી. તેના પુરાવા માટે ત્યાંની એક મસ્જીદનું માપ ઉપયોગી થઇ પડશે જેની ઉત્તર દક્ષીણ લંબાઇ ૯૦ ફીટ તથા પહોળાઇ ૧૧૨ ફીટ છે અને તે હીજરી સન ૭૧૮માં બાંધવામાં આવેલી છે. અને વળી કહેવાય છે કે ગુજરાતમાં પહેલાંથી ૩।। કસ્બાઓ ગણવામાં આવે છે, તેમાંનો આ પણ એક કસ્બો છે. આ કસ્બામાં અગાઉ મોલવીઓ, હકીમો, હાફિઝો, સોદાગરો અને મોટા મોટા અમલદારો હતા. તેમ ખેતીની કેળવણી તેઓ ઘણી સારી જાણતા હતા. એટલે સુધી કે તેઓ ખેતી કરવાને માન સમજતા હતા અને નોકરી કરવાનું તેઓ પસંદ કરતા નહી જે સ્થિતી હાલ બીલકુલ બદલાઇ ગઇ છે. ખેતી તરફ અભાવ ઉત્પન્ન થયલો માલુમ પડે છે અને નોકરી તરફ ઘણાનું વલણ થયલું લાગે છે. પણ આ પ્રસંગે અમારે જણાવવું જોઇએ કે ઉત્તમ તો ખેતીજ છે માટે ખેતીની કેળવણી હાલના જમાનાને અનુસરી મુસલમાનભાઇઓએ લેવી જોઇએ.

કેળવણીમાં પણ આપણા વડવાઓ ઘણા આગળ વધેલા હતા. એટલે સુધી કે ઘણા તો નોકરીમાં પણ દિવાન સુધીની પદવીએ પહોચ્યા હતા. પણ હાલમાં આપણે કેળવણી તરફ પૂરી ફીકર નહી રાખતા હોવાથી ઉતરતી સ્થિતીમાં આવ્યા

છીએ. માટે નોકરીમાં અને બીજા ઘણા કામોમાં આગળ વધવાને અંગ્રેજી કેળવણી લેવાની ચાલુ વખતને અનુસરી ઘણી જરૂર છે તે તરફ અમો બધા સાહેબોનું ધ્યાન ખેંચીએ છીએ. દિલગીર થવા જેવું તો એ છે કે આખા કસ્બામાં હાલમાં એક પણ છોકરો અંગ્રેજી કેળવણી લેતો નથી. જો આવી સ્થિતી રહેશે તો બીજી ભાઇબંધ કોમોની હારમાં શી રીતે આપણે રહી શકીશું ?

કસ્બાની મૂળ સ્થિતી અને હાલ પણ આજુબાજુ નજર કરતાં સાફ જણાય છે કે ઘણી અવકાફ મિલ્કતો વેચાઇ ગઇ છે અગર કોઇ બીજી રીતે તે ગુમાવી દેવામાં આવી છે. અમારા વાંચવામાં આવ્યું છે કે જુમા મસીદના તાબામાં ૬૦ દુકાનો હતી જેમાંની હાલમાં એક બેજ રહી છે. વળી તલાવની દક્ષિણમાં નવા પીર વગેરેનું કબરસ્તાન છે ત્યાં આગળ કેટલાક ખેતરોમાં હાલ પણ કબરો જોવામાં આવે છે છતાં તે ખેતરો આપણા કબ્જામાં નથી. તેવીજ રીતે ફેણાવ ભાગોળ, સીહુંજી ભાગોળ વગેરે તરફ પણ જોવામાં આવે છે. તો એ બાબતમાં આપણે ઘટતી તજવીજ કરવી જોઇએ. પણ આ કામમાં જ્યાં સુધી કસ્બાના બધા ભાઇઓ એક દીલથી મદદ કરે નહી અને આ સંસ્થામાં ખરા દીલથી જોડાય નહી ત્યાં સુધી અંજુમેન એકલી હાથપર લેવા શકિતવાન થાય તે અસંભવિત છે.

આપણી ઇદગાહ પણ બીલકુલ બિસ્માર હાલતમાં છે. જેને બનાવવાને પણ લગભગ ૭૦૦ રૂ૦ થાય તેમ છે. તે

તરફ અંજુમનનું પુરેપુરૂં લક્ષ છે, અને જો બધો ભાઇઓ આ કામમાં મદદ કરશે તો અંજુમન એ કામ ઉપાડી લેવા બનતી કોશીશ કરશે. એને માટે અમારી એક સુચના એવી છે કે દરેક નોકર માણુસ એક એક રૂપીઓ અને દરેક ખેડુત એક એક રૂપીઓ આપે. તે ઉપરાંત કંઇક બહારની પણ મદદ મળી આવશે એટલે એ કામ આસાનીથી થઇ જશે.

સ્ત્રી કેળવણી.

હાલમાં છોકરીઓને તથા છોકરાઓને અરબી ઉરદુ અને ધર્મની કેળવણી આપવા માટે સુરતના મરહુમ શેઠ હાજી ઇસ્માઇલ દાઉદજી પટેલ સાહેબ તરફથી એક મદ્રેસો ચાલુ છે. જેનો નિભાવ તેમના દામાદ શેઠ મહમદ ઇબ્રાહીમ હાટીઆ સાહેબ તરફથી કરવામાં આવે છે, અને તે આ મદ્રેસા માટે ઘણી કાળજી રાખે છે માટે આ પ્રસંગે તેમનો અમો આભાર માનીએ છીએ અને વિનંતિ કરીએ છીએ કે હાલના જમાનામાં સ્ત્રી કેળવણી માટે આટલુંજ શિક્ષણ બસ નથી. પણ મજકુર શિક્ષણ સાથે સિવણ અને ભરતનું કામ તેમ ગુજરાતી કે ઉરદુ દ્વારા જરૂરી હીસાબોનું શિક્ષણ દાખલ કરવાની ખાશ જરૂર છે. મરહુમ શેઠ તરફથી તેમની વસીયત મુજબ આ મદ્રેસ પાછળ ઘટતી રકમ ખરચવામાં આવે છે તો આ વધારાના શિક્ષણના બોજા માટે કોઇ બીજી ગોઠવણ થાય તે વધારે પસંદ કરવા જોગ છે. મુંબઇમાં સ્થાપન થયેલી લોકોપયોગી અને લોકપ્રીય સંસ્થા જે સેવાસદનના નામથી મશહુર છે અને જેણે ઘણી કન્યાશાળાઓ જેવી કે રાંદેર અંજુ-

મને ઇસ્લામની, બોરસદ અંજુમને ઇસ્લામની, અને મહેમદાવાદ અંજુમનની કન્યાશાળાને ઘટતી મદદ ચાલુ કરી છે તેવીજ રીતે આ મદ્રેસામાં પણ તેમની તરફથી ઘટતી મદદની આશા રાખી શકાય છે. એ મદ્રેસામાં લગભગ ૫૦થી ૬૦ છોકરીઓ ભણે છે અને જો આ શિક્ષણ ચાલુ કરવામાં આવે તો ૧૦૦ સુધી સંખ્યા વધવાનો સંભવ છે.

આ કસ્બાની મસ્જીદોમાં કોઇ પણ પ્રકારની આવક નહી હોવાને લીધે અને બીજા સબળ કારણોને લીધે મસ્જીદોમાં પેશઇમામ અને બાંગીઓ રાખી શકાતા નથી. અને તેથી કુદરતી રીતે ધર્મના શિક્ષણને ઉત્તેજન મળતું નથી. પણ જો એવી એકાદ મસ્જીદમાં પેશઇમામ તરીકે એકાદ આલેમને રાખવામાં આવે તો કસ્બાને ઘણો ફાયદો થાય. જો કોઇ આ કસ્બાનો યોગ્ય કેળવણી લીધેલો માણસ મોલવી કે હકીમ થવાની ખાહેશ રાખતો હશે તો તેને હિંદુસ્તાન મોકલી ગુજરાન માટે રૂા૦ ૫-૭ સુધીની સ્કોલરશીપ અપાવવાની તજવીજ અંજુમન કરશે.

છેવટે અમો જે સાહેબોએ આ અંજુમનને મદદ કરી છે તેમનો અંતઃકરણપુર્વક આભાર માની કસ્બાના તમામ સાહેબોને માનપુર્વક વિનંતી કરીએ છીએ કે આ સંસ્થાએ જે જે કામો કરવાના હાથ ઉપર લીધા છે તેમાં નાણાંની મદદની વિશેષ જરૂર છે તે આપને અંજુમન સ્થાપન કરવાના સબબોથી જણાઇ આવશે.

આ અંજુમનનો નિયમ એવો છે કે જે સાહેબ હવેથી

તેને રૂ૦ ૧૦૧ કે તેથી વધુ રકમ આપવાની મહેરબાની કર શે તેમને મુરબ્બી અને રૂ૦ ૨૫ કે તેથી વધુ રકમ આપનાર સાહેબને લાઇફ મેમ્બર ગણવામાં આવશે. આશા છે કે સખી ગ્રહસ્થો આ અંજુમનના મુરબ્બી કે લાઇફ મેંમ્બર થઈ કે બીજી રીતે મદદ આપી આ અંજુમનને આભારી કરશે.

અહિંના કામકાજમાં કારોબારી સાહેબો ઉપરાંત ખાસ કરીને ઉમરાવમીઆં શુજાતમીઆંએ તથા મીરજાં અહમદ બેગ ઉસમાન બેગ સાહેબે ઘણી ખંતથી કામ કર્યું છે અને અંજુ મનના કામને આગળ વધારવા ઉત્સાહ પૂર્વક ભાગ લીધો છે. તેથી તેમનો આ પ્રસંગે આભાર માનીએ છીએ

સુરત શાખામાં પઠાણ હુસેનખાં સાલેહ મહમદખાં સાહેબે અંજુમનના કારોબારમાં ઘણી હોંશથી કામ કર્યું છે. આપણા કસ્બા ના ચાર જવાનો અત્રેથી સફર ગયા છે અને સફર જવાનું સાહસ મહુધામાં પહેલ વહેલું એમણેજ ખેડયું છે. તેમની શુભ સફ ર ઇચ્છીએ છીએ. અને આ અંજુમન તરફનું કામકાજ કર વા કલકત્તા ખાતે મુન્શી મહમદ ઉમર સુલેમાનને તથા બેંકો ક ખાતે પઠાણ સરદારખાં મીરખાંને એજંટ તરીકે નિમવામાં આવ્યા છે.

મ્યુનિસીપાલ મુખ્ય સ્કુલના બે વિદ્યાર્થી મલેક હીમામ ફેન્જુ તથા વહોરા મહમદ રસુલ દરેકને માસિક રૂ૦ ૧)ની સ્કોલરશીપ ચાલુ માસથી આપવામાં આવી છે.

સુરત શાખા.

ધિ ઓનરેબલ સરદાર સૈયદઅલી એલ. એદ્રુસ
રૂ૦ ૨૫) સને ૧૩૨૮ માં આવ્યા.

ખા૦ બા૦ જમનજી એદલજી મોદીજીરૂ૦ ૨૫)
સરદાર મીર મુજફ્ફર હુશૈનખાં સાહેબરૂ૦ ૨૫)
રા૦ રા૦ નારાયણભાઇ લલ્લુભાઇ દેસાઇરૂ૦ ૨૫)
મોલવી શેખ અલીભાઇ હમદાની સાહેબરૂ૦ ૨૫)
} સને ૧૩૨૭ માં આવ્યા.

રા૦ રા૦ આદિતરામ ભાઇશંકર સાહેબરૂ૦ ૧૨)
મહમદમીયાં ઉસમાનમીયાં કુરેશી સાહેબરૂ૦ ૧૨)
દીલબાઝખાં શમશેરખાં સાહેબ રૂ૦ ૧૨)
દાદામિયાં નાથૂમીયાં સાહેબ રૂ૦ ૧૨)
શેઠ ઇબ્રાહીમ ઇસ્માઇલ તુરાવા સાહેબરૂ૦ ૧૫)
} સને ૧૩૨૮ માં આવ્યા.

નામ	હિજરી સને ૧૩૨૬		હિ. સ. ૧૩૨૭		હિ. સ. ૧૩૨૮	
	ફી.	બક્ષીશ	ફી	બક્ષીશ	ફી	બક્ષીશ
સદરૂદીન અમીરમીયાં	૧	૨	૧	૧		
ફેજુમીઆં મુરતફામીઆં	૧	૧॥	૧	૦		
અમીરમીઆં અલીમીઆં	૦	૦॥	૦	૦		
અમીરમીઆં સરદારમીઆં	૧	૦	૦	૦		
ફતેહમહમદ ઝાહેદભાઇ	૧	૦	૧	૦		
ઇમામમીઆં ડોસુમીઆં.	૦	૦॥				

મીરસાહેબમીઆં મહમદમીઆં	૧	૦	૧	૦		
પીરસાહેબમીઆં નિઝામમીઆં	૧	૦	૧	૦		
હુસેનમીઆં ઉમરાવમીઆં	૦	૦॥				
અમીનમીઆં મહમદમીઆં	૧	૧॥	૧	૦		
કરીમમીઆં મુરાદમીઆં	૦	૦॥				
અમીરૂદીન ફેઝુદીન	૧	૧				
બાપુમીઆં રહીમમીઆં	૧	૦	૧	૦		
સુરતબીબી	૧	૨॥	૧	૧	૧	૧
શરીફમીઆં અશરફમીઆં	૧	૦	૧	૦		
અહેમદમીઆં મીરસાહેબમીઆં	૧	૦	૧	૦		
અહેમદમીઆં અમીનમીઆં	૧	૦	૧	૦		
અનવરમીઆં કાસમમીઆં	૧	૦॥	૧	૧	૧	૦
ઉમરાવમીઆં અમદુમીઆં	૧	૦॥	૧	૦		
હમીદમીઆં નાથુમીઆં	૧	૦	૧	૦		
સરદારખાં મીરખાં	૧	૦	૧	૦		
માતબરમીઆં આલમમીઆં	૧	૧				
હીસામુદીન શરફુદીન	૧	૦				
નુરમીઆં ડોસુમીઆં	૧	૦	૧	૦		
નામદારમીઆં બાપુમીઆં	૧	૦				
અઝીમુદીન શરફુદીન	૧	૦	૧	૦		
મુન્શી યુસુફભાઇ પીરભાઇ	૧	૧॥				
(કપડવંજ)						
પીરસાહેબમીઆં ફતેહમીઆં	૧	૦				
નુરમહમદ ગુલામમહમદ	૧	૦	૧	૦		

શમશેરખાં હામેદખાં(બોરસદ)			૧	૦	૧	૦
ઉસમાનમીઆં શેખુમીઆં			૧	૦		
હીસામુદીન શરફુદીન			૧	૦		
હાસમમીઆં હુસેનમીઆં			૧	૦		
દાદામીઆં નાથુમીઆં	૧	૪	૧	૫		
પા. ભાઇલાલભાઇ ઘેલાભાઇ			૧.	૧		
મીરાંબક્ષ મહમદબક્ષ			૧	૦		
અમીરબેગ શરફુબેગ			૧	૦		
હીસામમીઆં નવરંગમીઆં			૧	૦		
પરભુદાસ ઝવેરભાઇ			૧	૪		
મહમદમીઆં અમીનમીઆં	૧	૦	૧	૦		
આજમબેગ ભીકનબેગ			૧	૦		
(અલીણા)						
અમીનમીઆં બાકરમીઆં			૧	૦		
બાઇ વીજકોર			૦	૦ll		
પા. શીવાભાઇ છબાભાઇ			૧	૧		
સુલેમાન અહેમદજી			૧	૦		
જાફરમીઆં મુરતફામીઆં			૧	૦		
મહમદઉમર સુલેમાન	૧	૦	૧	૦	૦	૨
અમીરમીઆં ભુલામીઆં	૧	૦	૧	૦		
દીલબાઝખાં શમશેરખાં	૧	૧	૧	૨		
હરીવલ્લભ નાગેશ્વર			૦	૨		
નવરંગમીઆં બનુમીઆં			૧	૦		
અબદેરહેમાન અબદુલ્લા			૧	૦		

હમીદમીઆં લીંબામીઆં			૧	૦
બાવદીનગીઆં ઇમામમીઆં	૧	૦	૧	૦
ઉમરાવમીઆં અમજતમીઆં			૧	૦
અમીરૂદીન સીરાજુદીન	૧	૦	૧	૦
બાપુમીઆં અશરફમીઆં			૧	૦
કાસમમીઆં સેફુમીઆં		—	૧	૦
અહેમદમીઆં જાફરમીઆં			૧	૦
શેઠ ઇબ્રામીમ વલસાડવાળા			૦	૧
સૈયદ રજામીઆં અકબરમીઆં			૧	૦
હાડગુડવાળા				
રસુલભાઇ ઉસમાનભાઇ	૧	૦	૦	૦
કરમઅલી રહીમ નાનજીઆણી સાહેબ			૧	૦
શરફુદીન અશરફમીઆં			૧	૦
હુસેનખાં સાલેહ મહમદખાં	૧	૦	૧	૦
રસીદખાં સુજાતખાં			૧	૦
અહેમદબેગ રસુલબેગ			૧	૦
અમીરમીઆં તજજુમીઆં [સાગરખા]			૧	૦

(૩૧+૧૫)+(૧૪૫+૧૮-૮-૦)

(૮૭+૧૫)

૩૧૯-૮-૦

ભરૂચ શાખા તરફથી જમા આવેલા તે

રૂ૦ ૧૭)

વડોદરા શાખા.

હિજરી સંને ૧૩૨૭

રા૦ રા૦ સારાભાઇ વહાલાભાઇ સાહેબ રૂા.	૨૫)
સુબેદાર ઉમરાવમીઆં કરીમમીઆં	૧
ઉમરાવમીઆં નાથામીઆં	૧
ડોસુમીઆં અનવરમીઆં	૧
ફતેહમીઆં ઉસમાનમીઆં	૧
મુગલમીઆં જુમામીઆં	૧
મહમદમીઆં દાદામીઆં	૧
ઇજગતમીઆં મહમદમીઆં	૧
અમદુમીઆં દાદામીઆં	૧
અમદુમીઆં અલીમીઆં	૧
કાલુમીઆં મહમદમીઆં	૧
જમાદાર કરમશેરખાં	૧
મુનશી વજીહોદીન નશીરૂદીન	૧
ફતેહમીઆં નામદારમીઆં	૧
ભુલામીઆં રહીમમીઆં	૧
રસુલમીઆં અલાઉદીન	૧
ભુલામીઆં આલમમીઆં	૧
માતબરમીઆં સરદારમીઆં	૧

અમીરમીઆં આજમમીઆં	૧
શરફુમીઆં બદરમીઆં	૧
કરીમમીઆં હુસનમીઆં	૧
અબાસીમીઆં ગુલાબમીઆં	૧
અકબરખાં જીનેતખાં	૧
માતબરમીઆં હીસામમીઆં	૧
માતબરમીઆં ઇમામમીઆં	૧
વિઠ્ઠલભાઇ નાગરભાઇ	૧
ભીખુમીઆં નથુમીઆં	૧
મીઆંસાહેબ મીરસાહેબ	૧
ઊમરાવમીઆં હીસામમીઆં	૧
આજમમીઆં નામદારમીયાં	૧
જાફરખાં જીનેતખાં	૧
શરફુખાં આલમખાં	૧
મહમદખાં લાલખાં	૧
ઇમામમીઆં રહેમતુલ્લા	૧
	૫૮

મજુધા ખાતે આવેલી રકમ.

બડુમીઆં સાહેબ મીયાં	૩|૦ ૧૨)	
પઠાણ કરમીખાં નાથેખાં (ચકલાસી)	૩|૦ ૧૨)	
ખાંસાહેબખાં શાબાશખાં	૩|૦ ૧૨)	
	૩૬	
	હીજરી સન ૧૩૨૭	હીજરી સન ૧૩૨૮
	ફી. બક્ષીશ	ફી. બક્ષીશ.
અહેમદમીઆં પુરજઅલ્લા મીયાં	૧ ૦	૧ ૦
જાફરમીઆં હમીદમીઆં	૧ ૦	૧ ૦
સરદારમીઆં આલુમીઆં	૧ ૧	
સદરૂદીન કમરૂદીન	૧ ૦	
નબીમીઆં ફતેહમીઆં	૧ ૦	૧ ૦
ઉમરાવમીઆં સુજાતમીઆં	૧ ૦	૧ ૦
માસ્તર ભાઈલાલભાઈ	૦ ૧	
બાપુમીઆં અનુમીઆં	૧ ૦	
પઠાણ નિજામખાં ફજલખાં	૧ ૦	૧ ૦
ઉમરાવમીઆં દાદામીઆં	૧ ૦	
રસુલબેગ હિસામબેગ	૧ ૦	૧ ૦
બાપુમીઆં હુસેનમીઆં	૧ ૦	

રસુલમીઆં મહમદમીઆં	૧	૧	૧	૦
ગુલાબીમીઆં ગુલાબમીઆં	૧	૦		
બડેખાં હમીદખાં	૧	૦	૧	૦
માતબરખાં નાથુખાં	૧	૦	૧	૦
ડોસુમીઆં દાદુમીઆં	૧	૧		
રસુલભાઇ સામદભાઇ	૧	૦		
ઇસ્માઇલ જીવા	૧	૦		
માસ્તર હરીશંકર દુર્લભરામ	૧	૦		
અમીનમીઆં મીરસાહેબમીઆં	૧	૦		
મોદી જીવાભાઇ વીરચંદ	૧	૧		
હાશમબેગ હિસામબેગ	૧	૦	૧	૦
અસદખાં નુસરતખાં	૧	૦	૧	૦
ડેસુમીઆં નિઝામુદીન	૧	૦	૧	૦
મહમદમીઆં લાલમીઆં	૧	૦	૧	૦
અમદુમીઆં જીવામીઆં	૧	૦		
અમીનમીઆં બહાદુરમીઆં	૧	૦		
ઉમરાવમીઆં નાથુમીઆં	૦	૧		

કાસમમીઆં

ડોસુમીઆં ભુલામીઆં	૦	૧
મોહમદમીઆં સઇદુમીઆં	૧	૧
લાલમીઆં ઉસમાનમીઆં	૧	૦
ફજલમીઆં કરીમમીઆં	૧	૧
ઇમામમીઆં સૈફુમીઆં	૧	૦
દોલતખાં રસુલખાં	૧	૦

ઉસમાનમીઆં નામદારમીઆં	૧	૦		
રસુલબેગ ગુલાબબેગ	૧	૦		
સુલેમાન આદમજી	૧	૦		
અમીરમીઆં હુસેનમીઆં	૧	૧		
ડોક્ટર ગુણવંતરાય સાહેબ	૧	૦		
રહીમબેગ કાસમબેગ	૧	૦		
ભુલામીઆં અજુમીઆં	૧	૦		
રસુલમીઆં અમીરમીઆં	૧	૦		
જમીએતમીઆં રહેમુમીઆં	૧	૦		
મીરસાહેબમીઆં નાથુમીઆં	૧	૦	૧	૭
શરફુબેગ મુસ્તફાબેગ	૧	૦	૧	૦
અનવરમીઆં દસોતમીઆં	૧	૦		
ઉમરાવમીઆં ગુલાબમીઆં	૧	૦		
નથુમીઆં બાપુમીઆં	૧	૦		
ફતેહમીઆં જાફરમીઆં	૧	૦	૧	૦
રસુલમીઆં અબાસીમીઆં	૧	૦		
નાથુમીઆં દાદુમીઆં	૧	૦		
મોતીમીઆં ઉમરમીઆં	૧	૦	૧	૦
અમીનમીઆં સરદારમીઆં	૧	૦		
આજમમીઆં અલીમીઆં	૧	૧		
હીસામમીઆં ભુલામીઆં	૧	૦		
શેઠ મગનલાલ માણેકચંદ	૦	૨		
સુલતાનમીઆં ગુલાબમીઆં	૧	૦		
નામદારમીઆં સુજાતમીઆં	૧	૦		

આજમમીઆં નબીબક્ષ	૧	૦		
ઉમરાવમીઆં જીવામીઆં	૧	૦	૧	૦
બાવદીનમીઆં બાપુમીઆં	૧	૦		
મહમદમીઆં હુસેનમીઆં	૧	૦		
દીલાવરખાં નથેખાં	૧	૦		
અહેમદબેગ ઉસમાનબેગ	૧	૦		
રસુલમીઆં મુસ્તફામીઆં	૧	૦		
ઉમરાવમીઆં નણુમીઆં	૧	૦	૧	૦
ઉમરભાઇ યુસુફભાઇ	૧	૦		
રસુલભાઇ હુસનભાઇ	૧	૦		
ભાઉજીભાઇ યુસુફભાઇ	૧	૦		
આદમજી યાકુબભાઇ	૧	૦		
જીવાભાઇ યુસુફભાઇ	૧	૦		
ઇબ્રાહીમ રહેમાનભાઇ	૧	૦		
ઉસમાનમીઆં અમજતમીઆં	૧	૦		
જીવામીઆં સેફુમીઆં	૧	૦		
ફતેહમીઆં નાથુમીઆં	૧	૦		
અમીનમીઆં હામેદમીઆં	૦॥	૦		
ડોસુમીઆં દસોતમીઆં	૧	૦		
અમીનમીઆં મહમદમીઆં	૧	૦		
સેફુમીઆં નણુમીઆં	૧	૦		
અહેમદમીઆં હુસેનમીઆં	૧	૦		
અહેમદમીઆં નબીમીઆં	૧	૦		
હાશમબેગ ઉમરાવબેગ	૧	૦		

ઇબ્રાહીમ હુસનભાઇ	૧	૦	
મુન્શી અમીનસાહેબ મીઆંસાહેબ	૧	૦	
દસોતમીઆં મહમદમીઆં	૦	૧	
જીવામીઆં ભુલામીઆં	૦	૧	
કાસમબેગ અમજતબેગ	૧	૧	
ઉમરાવમીઆં બાપુમીઆં	૧	૦	
હુશેનમીઆં ભીકુમીઆં	૧	૦	૧
અહેમદમીઆં હાસમમીઆં	૧	૦	
બાત્રદીનમીઆં નીજામમીઆં	૧	૦	
હાસમમીઆં કાલુમીઆં	૧	૦	
રસુલમીઆં ઉમરાવમીઆં	૧	૦	
મહમદમીઆં અબુમીઆં	૧	૦	
જાફરમીઆં ફેજુમીઆં	૦	૧	
ઉસમાનમીઆં હુશેનમીઆં	૦	૧	
ફુરજણલામીઆં મુસ્તફામીઆં	૧	૦	૧
હુસેનખાં અનવરખાં	૧	૦	
નુરૂદીન અલાઉદ્દીન	૧	૦	
ઉમરાવમીઆં અમીરમીઆં	૧	૦	
હીસામમીઆં આજમમીઆં	૧	૦	
હીસામમીઆં બહાદરમીઆં	૧	૦	
ઇમામમીઆં હુસેનમીઆં	૧	૦	
રસુલમીઆં અમજતમીઆં	૧	૦	
નામદારમીઆં કાસમમીઆં	૧	૦	
ઉસમાનમીઆં ગુલાબમીઆં	૧	૦	

શરફુબેગ ઉમરાવબેગ	૧	૦	૧	૦
રસુલબેગ શરફુબેગ	૧	૦	૧	૦
ડોસુમીઆં ઉમેદમીઆં			૧	૦
શરફુદીન સાહેબમીઆં [મહેમદાવાદ]			૧	૨
નિજામુદીન રસુલમીઆં [કાવી]			૦	૬
ઉમરાવમીઆં શમશેરમીઆં			૧	૦
મીરસાહેબમીઆં ફતેહમીઆં			૧	૦

૯૯॥+૧૮   ૨૭+૩

૧૧૭॥ + ૩૦=૧૪૭॥

૩૬

૧૮૩॥

અંજુમને ઈસ્લામ મહુધાના હિસાબની તારીજ.

જ		ઉ	
	મહુધા		
૧૨૩-૮-૦	સન ૧૩૨૭માં આવેલી ફીની રકમ	૫૦-૮-૦	મહુધા ખ.તે થયેલો ખર્ચ સન ૧૩૨૭
૧૮-૦-૦	સન ૧૩૨૭માં આવેલી બખ્શીશની રકમ	૭-૦-૦	સ્ટેશનરી, કંટીજન વગેરે.
૩૯-૦-૦	સન ૧૩૨૮માં આવેલી ફીની રકન	૩૦-૦-૦	જામે મસ્જિદની હોજ દુરસ્ત કરવામાં આપ્યા.
૩-૦-૦	સન ૧૩૧૮માં આવેલી બખ્શીશની રકમ		સન ૧૩૨૮માં
		૨-૦-૦	મૈયત ખરચ
		૧૮-૦-૦	બેવા ઓરતોને આપ્યા.
૧૮૩-૮-૦		૨-૦-૦	વહોરા જીવા યુસુફ તથા ઇબ્રાહીમ રેહમાને ૧૩૨૭માં પહોં ચકરાવ્યાપછી

	ના આપ્યા તે.
	૧-૮-૦ કંટીજન્ટ પો સ્ટ વગેરે
	૬૦-૮-૦

વડાદરા શાખા

૫૮-૦-૦ સન ૧૩૨૭માં આવે લી ફીની રકમ	૪-૬-૦ સને ૧૩૨૭માં ખરચ મનીઆડર કંટીજન પોસ્ટ વગેરેમાં
૧-૪-૦ સન ૧૩૨૭માં આવે લી બખ્શીશની રકમ	
૫૯-૪-૦	૪-૬-૦

ભરૂચ શાખા

૧૭-૦-૦ સન ૧૩૨૭માં આવે લી ઉચક રકમ ખરચ માં મદદ આપવાસારૂ	૧૭-૦-૦ અંજુમનના કાયદા પહોંચ વગેરે છપાવ વામાં ખરચાર્યા
૧૭-૦-૦	

સુરત શાખા

૩૧-૦-૦ સન ૧૩૨૬માં આવે લી ફીની રકમ.	૮-૨-૬ સન ૧૩૨૬માં પોસ્ટ કંટીજટ છપામણી વ ગેરે ખરચ
૧૯-૦-૦ સન ૧૩૨૬માં આવે	

	લી બક્ષીશની રકમ	૧૫-૪-૯	સન ૧૩૨૭માં કાયદા પહોંચો પોસ્ટ કંટીજંટ વગેરેનો ખરચ
૧૪૫-૦-૦	સન ૧૩૨૭માં આવેલી ફીની રકમ.		
૧૮-૮-૦	સન ૧૩૨૭માં આવેલી બક્ષીશની રકમ	૭-૧૪-૩	સન ૧૩૨૮માં હાલ સુધીનો તાર, પોસ્ટ કંટીજંટ વગેરે ખરચ
૮૭-૦-૦	સન ૧૩૨૮માં હાલ સુધી આવેલી ફીની રકમ.	૩૧-૫-૬	
૧૯-૦-૦	સન ૧૩૨૮માં આવેલી હાલ સુધીના બખ્શિશની રકમ.	૧૧૩-૩-૬	કુલ એકંદર
		૪૬૬-૦-૬	સિલિક { ૩૨૫-૧૪-૦ મહુધામાં; ૧૪૦-૨-૬ સુરતમાં }
	૩૧૯-૮-૦		
૫૭૫-૪-૦	કુલ એકંદર	૫૭૫-૪-૦	

સદરહુ હિસાબ ઘણી સંભાળથી તૈયાર કરેલો છે જે મેં તપાસ્યો છે અને ખાત્રી પૂર્વક જણાવું છું કે તે બરાબર છે.

હુસેનખાં સાલેહ મહમદખાં

મીરજાં હાશિમબેગ હિસામબેગ

તા૦ ૨૭-૯-૧૦ ઓનરરી સેક્રેટરી.